રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવા બાબત.

ગુજરાત રાજ્ય
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:-પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૧૦/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૨/૦૬/૨૦૧૮નો ઠરાવ
(૨) શિક્ષણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૪/૦૫/૨૦૧૯નો પરિપત્ર

ઠરાવ:-

વંચાણે લીધેલ ઉક્ત પત્રોથી અગાઉના શૈક્ષણિક વર્ષો માટે શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવામાં આવેલ છે.

હાલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે પણ શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે નીચે મુજબનું કોમન એકેડેમિક કેલેન્ડરનિયત કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | સમયગાળો (તારીખ) |
|---|---|---|
| ૧. | પ્રથમ સત્ર (UG સેમ. 3& ૫ તથા PG સેમ.3) | તા:૦૧/૧૨/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવું. |
| | પ્રથમ સત્ર (UG /PG સેમ. ૧) | તા:૧૫/૦૨/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવું. |
| | પ્રથમ સત્ર (GTU અને અન્ય યુનિવર્સિટીઓના Professional Courses) | તા:30/03/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવું. |
| ૨. | દિવાળી વેકેશન | તા:૦૬/૧૧/૨૦૨૦ થી તા:૧૮/૧૧/૨૦૨૦ સુધી (Proposed) |

| | | |
|---|---|---|
| ૩. | વિભાગ/કોલેજોનું આંતરીક મુલ્યાંકન | આંતરીક મુલ્યાંકન અથવા સતત મૂલ્યાંકન (સતત મૂલ્યાંકન એટલે કે વીક્લી ટેસ્ટ, પ્રોજેક્ટ વર્ક, ગ્રૂપ ડીસ્કશન વગેરે) થી લેવી. |
| ૪. | દ્વિતીય સત્ર (UG સેમ. ૪ & ૬ તથા PG સેમ.૪)<br><br>દ્વિતીય સત્ર (UG /PG સેમ. ૨)<br><br>પ્રથમ સત્ર (GTU અને અન્ય યુનિવર્સિટીઓના Professional Courses) | તા:૧૫/૦૫/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવું.<br><br>તા:૩૦/૦૫/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવું.<br><br>તા:૦૧/૦૮/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવું. |
| ૫. | વિભાગ/કોલેજોનું દ્વિતીય સત્ર આંતરીક મુલ્યાંકન | આંતરીક મુલ્યાંકન અથવા સતત મૂલ્યાંકન (સતત મૂલ્યાંકન એટલે કે વીક્લી ટેસ્ટ, પ્રોજેક્ટ વર્ક, ગ્રૂપ ડીસ્કશન વગેરે) થી લેવી. |
| ૬. | નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૦-૨૧ | તા:૦૧/૦૭/૨૦૨૧ સુધીમાં શરૂ કરવું. |

- વિદ્યાર્થીઓ માટે આંતરિક મુલ્યાંકન ફરજીયાત છે પણ આંતરિક પરીક્ષા લેવાની રહેશે નહી. સેમેસ્ટર પધ્ધતિના માળખામાં આંતરિક અને યુનિવર્સિટી પરિક્ષાઓના ગુણનું પ્રમાણ ૩૦:૭૦ રાખવામાં આવેલ છે. જે યુનિવર્સિટીઓએ આંતરિક પરીક્ષા લઇ લીધેલ છે તેઓએ તે મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે.
- ઉપરના જણાવેલ સત્રોની તથા આંતરિક મુલ્યાંકનની ગોઠવણી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોને, વિવિધ ભવનોને તેમજ BBA/BCA કોલેજોને પણ લાગુ પડે છે. (ACPC સિવાયના તમામ કોર્સીસ)
- પ્રથમ સેમેસ્ટરમાં અધ્યાપન કાર્ય મોટેભાગે Online માધ્યમથી કરવાનું રહેશે. વિદ્યાર્થીઓની જરૂરીયાત મુજબ પ્રેક્ટીકલ/ Hand On અને અન્ય માર્ગદર્શન માટે COVID-19 ની SOPનું પાલન કરીને કોલેજ/વિભાગ/અધ્યાપક સાથે સંકલન કરીને આવી શકશે. દ્વિતીય સેમેસ્ટરમાં Online/Offline/Blended Teaching જરૂરીયાત મુજબ કરવાનું રહેશે.
- યુનિવર્સિટી પરીક્ષા Online/Offline/Blended માધ્યમથી લેવાશે.

- વિદ્યાર્થીઓ અને વિભાગોએ પણ COVID -19 ની ગાઇડલાઇનું પાલન કરવાનું રહેશે.
- જે વિષય/વિદ્યાશાખામાં કાઉન્સિલ/બોર્ડના નિયમો લાગુ પડતા હોય તે સંદર્ભે પણ COVID-19ની ગાઇડલાઇનું પાલન કરવાનું રહેશે.
- પ્રાયોગિક કાર્યો તા:૧૫/૧૦/૨૦૨૦ પછી ૧૫-૨૦ વિદ્યાર્થીઓની Batches માં શરૂ કરી શકાય.
- Detailed Academic Calendar દરેક યુનિવર્સિટીઓએ પોતાની અનુકુળતા પ્રમાણે આ Guidelineને અનુલક્ષીને બનાવવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મહેતા

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.(અલાયદા પત્ર દ્વારા)
-માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.નાયબ મુખ્યમંત્રીશ્રી અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-કુલસચિવશ્રી, સંબંધિત સર્વે યુનિવર્સિટીઓ અને સંબંધિત સર્વે સરકારી કોલેજો (મારફત ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર./મારફત ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર)
-એડવાઇઝરશ્રી, કે.સી.જી. કચેરી, પ્રજ્ઞાપુરમ, એલ.ડી.ઇજનેરી કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ
-નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
-શાખા સિલેક્ટ ફાઇલ.